


## સલામી સવારની..

*'પિસ્તાલીસ' કોઈ કહે 'પચા' 'ડિગ્રી'નો વિવાદ છે,*
*સાચી છે કે ખોટી ચારેકોર 'ડિગ્રી'નો સંવાદ છે,*
*વિસંવાદમાં બંધ થયાં 'ભવનો' ધાંધલ-ધમાલે,*
*ઉકલે ન કોઈ સમસ્યાઓ બધામાં લવાદ છે...*

### હાઈકુ

*રોકાઈ ગયા?!*
*તેલની ધાર જોવા -?*
*પટેલો શાંત!!*
*(પવન પ્રમાણે પીઠ...)*

*મંગાવી લ્યો ને!*
*- સક્રિય સભ્ય-યાદી...*
*બધા પક્ષોની...*
*(ગીધ ગણત્રી કરવી છે?!)*

## ચિંતન

**માલા તિલક લગાયકે, ભક્તિ ન આઈ હાથ,**
**દાઢી મૂંછ મુંડાય કે, ચલૈ દુનિ કે સાથ**

અખાનું 'તિલક કરતાં ત્રેપન થયા' જેવા મ્હેણાંનું સ્મરણ કરાવતી આ સાખી બાહ્ય આડંબર પર સીધી ચોટ છે. ભક્તિ આંતરીક બાબત છે. કબીર વણતાં વણતાં તો ગોરો ભગત માટી ગુંદતા ગુંદતા કે પ્રાણજી ભગત સીવતાં સીવતાં કે રઈદાસજી ચર્મકામ કરતાં કરતાં ઈશ્વરભક્તિમાં તરબોળ રહે છે. માલા-તિલક, જટા, ત્રિશૂળ, દાઢી-મૂંછ, ભગવાં કે સફેદ વસ્ત્રો ધારણ કરવાથી કોઈ અર્થ સરતો નથી. ભક્તિ માર્ગ લોકપ્રિય બન્યો હતો ત્યારે પણ સમાજમાં અનેક દૂષણો હતાં, જ્ઞાનભક્તિ માર્ગમાં રામાનુજ મતના રામાનંદજીના શિષ્ય અને સૂફી તત્ત્વજ્ઞાનના જાણકાર કબીર મુખ્યત્વે સમાજ સુધારણાની ચિંતા કરે છે. તેમના માટે સદ્વિચાર-પરોપકારી વર્તન અને બુદ્ધિગમ્ય સાધના મહત્ત્વના છે. અધકચરું જ્ઞાન ધરાવતી વ્યક્તિની આસ્થા તૂટે છે અને તે જગતના વહેવારમાં રચ્યાપચ્યા રહે છે. શ્રદ્ધાના અભાવે - ઉપાસના છોડી દે છે. તેથી જ કહેવાયું છે કે, હરિનો મારગ છે સૂરાનો નહીં કાયરનું કામ જો ને.

## સુવિચાર

- મોહ સંયોગોથી પુષ્ટ થાય છે, જયારે પ્રેમ વિયોગથી પુષ્ટ થાયછે - **જનકલ્યાણ**
- ઘડી ચઢે, ઘડી ઊતરે, વોહ તો પ્રેમ ના હોય, અધર પ્રેમ હી હૃદય બરે, પ્રેમ કરીએ સોય - **કબીર**
- સત્ય એક જ છે. બ્રહ્મવેત્તાઓ તેને જુદી જુદી રીતે વર્ણવે છે - **ઋગ્વેદ**
- ઈશ્વર એક અને અદ્વિતીય છે, માનવ તેનું પ્રતિબિંબ છે - **સંત મોઝીસ**
- વિચાર પોતાની સિદ્ધિ માટે જે અંતર આપે છે તે સમય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વરની કૃપા બધા ઉપર સરખી વરસી રહી છે, ફેર એટલો છે કે કોઈ તે ઝીલે છે અને કોઈ નથી ઝીલતા - **રામકૃષ્ણ પરમહંસ**
- આપણામાં પ્રભુની હાજરીનું પ્રથમ ચિહ્ન શાંતિ છે - **શ્રી માતાજી**
- આજનું ઔષધ : વડની વડવાઈનો ઉકાળો બનાવીને પીવાથી ડાયાબીટીસમાં લાંબે ગાળે ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજે આધુનિકતાના ઓઠાં નીચે આપણી બહેન-દીકરીઓ 'મર્યાદા'ને ટૂંકાવીને વસ્ત્રો પહેરે છે ઘણીવાર તો એમને પોતાને જ એ લિબાસમાં મંદિર કે વડીલો પાસે જતાં બેસતાં-ઉઠતાં સંકોચ થાય છે. આજનો યુવાન પણ વાતાવરણ અનુસાર નહીં પણ વિદેશી દેખાદેખીમાં 'કપડાં' પહેરે છે.

સ્વાતંત્ર્ય પહેલાં અંગ્રેજી શાળામાં શિક્ષણ લેવા જતાં બાળકોને કોટ-ટાઈ વગેરે ફરજીયાત 'લિબાસ' (અંગ્રેજી જેવો) પહેરવો પડતો હતો.

મદન મોહન હોંશિયાર વિદ્યાર્થી હતો. અંગ્રેજી સ્કૂલમાં પ્રવેશ માટે ગયો. મેનેજમેન્ટના એક અધિકારીએ તુચ્છકારમાં તેને કહ્યું, 'અંગ્રેજી સ્કૂલમાં જો તારે શિક્ષણ લેવું હોય તો બ્રિટીશ વેશભૂષામાં જ આવવું પડશે. 'મદનમોહને ધોતી-કૂર્તો-ચપ્પલ પહેર્યા હતાં, કપાળે તિલક પણ હતું.''

મદન મોહને - 'અંગ્રેજીમાં જ તેમને જવાબ આપ્યો, મારા દેશમાં હું ભારતીય વેશભૂષા જ પહેરવાનો આગ્રહ રાખીશ.' મદનમોહન દેશી પાઠશાળામાં ભણ્યા; અને સંસ્કૃતના વિદ્વાન થઈ દિક્ષા લીધી. સ્વામી કૃષ્ણ બોધાનંદ તરીકે પ્રખ્યાત થયા અને ૧૯૪૨ની લડતમાં ગાંધીજી સાથે 'સ્વદેશી આંદોલત' ના મુખ્ય સંચાલક તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી.

# આપણાં સંસ્કારપુષ્પોની સુગંધને ઓળખીએ

## તંત્રીસ્થાનેથી...

ગુજરાતી લોકગીતોને ઘેર ઘેર ગૂંજતાં કરનારાં આદિવાસી લોકગાયિકા દિવાળીબેન ભીલના દેહવિલયથી લોકસાહિત્ય ક્ષેત્રે મોટો ખાલીપો સરજાયો છે. તદ્દન નિરક્ષર એવી એક અંતરિયાળ આદિવાસી વિસ્તારની દીકરી બાપના ઘરે રહીને લોકગીતોની સાધના કરે, એને વણઝારી ચોકમાં ગાતી સાંભળીને હેમુ ગઢવી આકાશવાણી સુધી દોરી જાય અને પછી ગુજરાતી ફિલ્મોમાં એના કંઠનાં કામણ પથરાય : આ બધું આપણને પણ કોઈ નવલકથાની ઘટનાઓ જેવું લાગે. પરંતુ દિવાળી બેન છેક હમણાં સુધી આપણી વચ્ચે હતા. વધતી વય સાથે તેઓ ધીરે ધીરે લોકડાયરાઓ અને ફિલ્મોથી દૂર રહેતાં હશે પણ એમનું નામ જ દંતકથા જેવું બની ગયું હતું. એ કોળેલો કંઠ કુદરતની બક્ષિસ હતી. દિવાળીબેનનું 'મારે ટોડલે બેઠો રે મોર ક્યાં બોલે ' ગીત સાંભળીને આખું સભાગૃહ મંત્રમુગ્ધ થઈ જતું તો વળી 'જેતલ તોરલ' ફિલ્મ માટે ગાયેલું 'પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે...' ગીત જાણે હાજરાહજૂર તોરલ એની સમાધિમાંથી બેઠી થઈને ગાઈ રહી હોય એવું તિલસ્મી લાગતું. કેન્દ્ર સરકારે આ તળપદી વાણીનું 'પદ્મશ્રી' જેવા રાષ્ટ્રીય સમ્માન દ્વારા સમર્થન કરીને પ્રશંસનીય કાર્ય કર્યું હતું. પૂજય મોરારિ બાપુએ પણ એમની ગાયકીની કદર કરેલી છે.

ગુજરાતના સાહિત્ય-સંસ્કાર ક્ષેત્ર વિશે બાકીની દુનિયા પ્રમાણમાં ઘણું ઓછું જાણે છે. ગોરવર્ધનરામ માધવરામ ત્રિપાઠી જેવા સમર્થ સાક્ષરથી લઈ એ દિવાળીબેન ભીલ પર્યંત વિસ્તરેલું છે. તાજેતરમાં ગુજરાતી ભાષાના ગૌરવવંતા કવિ-વિવેચક-અનુવાદક નિરંજન ભગતને નેવું વરસ પૂરાં થયાં. એકાણુંમાં જન્મદિવસે ગુજરાત સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહમાં દર્શક ફાઉન્ડેશનની નિશ્રામાં એમના સ્વજનવૃંદે સંસ્મરણોની હેલી વરસાવી દીધી. નિરંજન ભગત ઉમાશંકર - સુંદરમ્ પછીની આધુનિક કવિતાના અગ્રદૂત છે. એમના સમકાલીન રાજેન્દ્ર શાહ સાથે જોડીને ગુજરાતી સાહિત્યમાં રાજેન્દ્ર-નિરંજન યુગ શરુ થયો હોવાનું કહેવાય છે. જો કે નિરંજન ભગત એમના નામની જેમ જ આવાં વળગણોથી તદ્દન મુક્ત અને નિરાલા રહ્યા છે. અંગ્રેજીના પ્રકાંડ પંડિત ઉપરાંત તેઓ વિશ્વસાહિત્યના પ્રવક્તા તરીકે ગુજરાતી સાહિત્ય જગતના માર્ગદર્શક રહ્યા છે. એમને રવીન્દ્રનાથ કે ફ્રેન્ચ કવિ બોદલેર પર બોલતાં સાંભળવા એ લ્હાવો છે. નેવું વટાવ્યા પછી પણ એમની સ્મૃતિ શાર્પ છે - કુશાગ્ર છે. કાન સરવા છે. લાકડી તો કેવળ શોખ ખાતર રાખે છે, બાકી તદન ટટ્ટાર ચાલે છે. ઉમાશંકર જોશી જેવા યુગપ્રવર્તક કવિએ એમના પર કવિતા લખેલી છે. નિરંજન ભગતે 'છંદોલય' અને 'પ્રવાલદ્વીપ' નાં નગરકાવ્યો પછી પણ પાછળી વયે કાવ્યસાધના ચાલુ રાખી છે. કશી જ અપેક્ષા કે પળોજણ વગર અલગારી ઢબે જીવતા આ સાક્ષર કહે છે : 'હું તો બસ ફરવા આવ્યો છું!' એમને પોંખીને દર્શક ફાઉન્ડેશને એક કરવા જેવું કામ કર્યું છે. પ્રશ્ન એ છે કે આ દિવાળીબેન ભીલ કે નિરંજન ભગતને આજની પેઢી ઓળખે છે ખરી?

# જંત્રી કરતા ઓછી રકમના દસ્તાવેજ નોંધાવવાનું કરોડોનું કૌભાંડ




ગુજરાત રાજયમાં સ્ટેમ્પ ડયુટીની ચોરી કરવાનું વ્યાપક મોટું કૌભાંડ સરકારની આંખ નીચે જ રોજ યોજાય છે અને કરોડોની સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફીની ચોરી ભુમાફીયા દ્વારા આચારવામાં આવે છે .

બીનખેતીનું પ્રીમીયમ ભરી ખેતીની જમીનની જંત્રી પ્રમાણે દસ્તાવેજોની નોંધણી કરાવી મોટી રકમ સંતાડી ઈન્કમેક્ષની પણ ચોરી પણ ગણતરી પૂર્વક કરવામાં આવે છે.

બીનખેતીના પ્લોટની જંત્રી ઉંચી હોય તે પ્રમાણે કિંમત બતાવી દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરવામાં આવે તો મોટી રકમ બતાવવી પડે અને સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફી સાથે ઈન્કમટેક્ષ કિલયરન્સ સર્ટીફિકેટ પણ મેળવવું પડે પરિણામે ત્રણ પ્રકારની ચોરી કરી ઈન્કમટેક્ષ વિભાગની નજરથી બચવા માટે બીનખેતીની જમીનમાં ખેતીની જમીનનું જંત્રી આકરણી કરી તે પ્રમાણે કિંમત બતાવી દસ્તાવેજ રજીસ્ટ્રેશન ઓછી રકમના કરી કર ચોરી, સ્ટેમ્પ ચોરી તથા રજીસ્ટ્રેશન ફી ની ચોરી કરવામાં આવે છે. ગુજરાતમાં આવા પ્રકારના કેટલાય દસ્તાવેજો અત્યાર સુધીમાં નોંધાયા છે. આવા દસ્તાવેજો નોંધણી કચેરીમાંથી છોડાવવા માટે પાછલા બારણે લાખોનો વહીવટ કરવામાં આવે છે. પ્રતિબંધીત સત્તા પ્રકારની જમીનમાં બીન ખેતીનું પ્રીમીયમ આકારણી કરેલ હોવા છતાં ખેતીની જંત્રી બતાવી દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરવાનો ખેલ પાડવામાં આવે છે તેમાં રજીસ્ટ્રેશન ઓફીસના નોંધણી અધિકારી જંત્રી મૂલ્યાંકન મામલતદાર તથા સર્કલ ઓફિસની સીધી સંડોવણી તથા મીલી ભગત હોવાથી આવા પ્રકારની ચોરી શકય બને છે. આનાથી દર વર્ષે સરકારને કરોડોનું સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ફી ગુમાવવાનો વારો આવ્યો છે જેનો ભોગ સામાન્ય માનવી બને છે.

રાજય સરકારના મહેસુલ વિભાગે ગણોતીયા કે ભુમીવિહીનોને નવી અને અવિભાજીત શરતની જમીન તથા પ્રતિબંધીત સત્તા પ્રકારની જમીનની હેતુ ફેર કરવાની સત્તા જીલ્લા કલેકટરને સોંપવામાં આવેલ છે. કલેકટર દ્વારા નવી અને પ્રતિબંધીત સત્તા પ્રકારની જમીન જુની શરતમાં ફેરવવા માટે જંત્રી પ્રમાણે પ્રીમીયમ વસુલ કરી વેચાણ પરવાનગી આપવામાં આવે છે.

શહેરી વિસ્તારમાં ફાયનલ પ્લોટ મંજુર ના થયેલ હોય અગરતો ટીપી સ્કીમ અમલમાં ના હોય તેવા સંજોગોમાં બિનખેતીની જંત્રી પ્રમાણે પ્રીમીયમ વસુલ કરવામાં આવે છે. એક વખત જીલ્લા કલેકટર કચેરીમાં બિનખેતીનું પ્રીમીયમ ભરાઈ ગયા બાદ ખેડૂત જમીનનો વેચાણ દસ્તાવેજ નોંધાવી શકે છે. બિનખેતીમાં કુલ જંત્રીના ૪૦ ટકા રકમ મુજબ બિનખેતીનું પ્રીમીયમ વસુલ કરવામાં આવે છે. કેટલાક ભ્રષ્ટ રજીસ્ટ્રારો દ્વારા કટકીની મોટી રકમ લઈ મીલી ભગતથી ખેતીની જંત્રીના આધારે દસ્તાવેજોની નોંધણી કરી લે છે. શહેરી વિસ્તારોમાં જંત્રીનો દર ખુબ જ ઉંચો છે જેથી બિનખેતીનું પ્રીમીયમ વસુલ કર્યા બાદ ખેતીની જંત્રી પ્રમાણે દસ્તાવેજ નોંધાવી કિંમત ઓછી બતાવી રજીસ્ટ્ર દસ્તાવેજની નોંધણી કરવામાં આવે છે જેથી તેના ઉપર સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી ઓછી ભરવી પડે જેનાથી વેચાણ લેનારને લાખો રૂપિયાનો ફાયદો થાય છે અને તેના ટકાવારી પ્રમાણે ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા ટેકનિકલી આખું કૌભાંડ પાર પાડી સરકારને કરોડો રૂપિયાના રેવન્યુનો ચુનો ચોપડી પોતે લાખોની મલાઈ ઘર ભેગી કરે છે. રાજય સરકાર દ્વારા આવા કિસ્સા બહાર લવાતા હોવા છતાં નોંધણી અધિકારીઓ સામે પગલા ના ભરાતા માત્ર સ્ટેમ્પ ડયુટીની ખુટતી રકમ વસુલ કરવા ૩૨ (ક) મુજબની જ નોટીસ પાઠવી સંતોષ માને છે જે નોટીસ સામે વેચાણ લેનાર સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રમાં અપીલ કરે છે. જેમાં પણ સમયાંતરે ગોઠવણી મુજબ દસ્તાવેજ છુટો કરવામાં આવે છે.

આવી સ્ટેમ્પ ડયુડીની ચોરી પકડવાના બદલે દસ્તાવેજો સ્ટેમ્પ ડયુટીમાંથી છોડાવવાનો લાખોનો ખેલ વચેટીયા મારફત પાર પાડવામાં આવે છે અને સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફીની સાથે સાથે ઈન્કમટેક્ષમાં પણ ચોરી કરી સરકારને કરોડો રૂપિયાની રેવન્યુનો ચુનો ચોપડવાનો ખેલ ઉઘાડે છોગ ગતિશીલ ગુજરાતમાં સરકારની આંખ નીચે ચાલી રહ્યો છે. જેનો ફાયદો બિલ્ડરો અને ભુમાફીયા ઉઠાવી રહ્યા છે.

# હિટલર, મોદી અને શિવસેનાના અટકચાળા




ભારતીય રાજકારણમાં કૂંડું કથરોટને હસે એવો ઘાટ થયો છે : હમણાં સત્તારૂઢ ભારતીય જનતા પક્ષના મિત્રપક્ષ એવા શિવસેનાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તુલના જર્મન તાનાશાહ ઍડો કરીને એમને લોકશાહીનું મહત્ત્વ સમજીને વર્તવાની શીખામણ આપી છે. હસવું ખાળી શકાય નહીં એવો આ

એડોલ્ફ હિટલર સાથ ઘટનાક્રમ છે. મોદીના ટેકે સત્તાનો ભોગવટો પણ કરવો છે અને મોદીને ભાંડવા પણ છે. ઉત્તર ભારતના રાજ્ય ઉત્તરાખંડના રાજકીય ઘટનાક્રમમાં ભાજપનું નાક કપાયું, એનો આધાર લઈને શિવસેનાના મુખપત્ર એવા મુંબઈના મરાઠી દૈનિક 'સામના'માં ''નાક કાપલે !'' શીર્ષક હેઠળના તંત્રીલેખ-અગ્રલેખમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ''હૂકુમશહા હિટલરશાહી ગર્વ, અહંકાર ગળૂન પડલા'' એવા શબ્દપ્રયોગ કરવામાં આવ્યા છે. ભારત સરકાર અને મહારાષ્ટ્રની રાજ્ય સરકારમાં ભાજપ અને શિવસેનાની સંયુક્ત સરકાર છે, પરંતુ વડા પ્રધાન મોદીએ શિવસેનાપ્રમુખ ઉદ્ધવ બાળ ઠાકરેને ભાવ આપવાનું બંધ કર્યું હોવાથી એ છાશવારે રુસણે બૌલી વહુ જેવું વર્તન કરે છે. ક્યારેક તો વાત એટલી વણસે છે કે બેઉ પક્ષ સાથ છોડી દેશે એવું લાગે છે, પણ સત્તાનો સ્વાર્થ બેઉ વચ્ચે ઘીના ઠામમાં ઘી પડ્યું રહેવાના સંજોગો કાયમ ટકાવે છે.

તાનાશાહી અને હિટલરશાહી જેવા શબ્દપ્રયોગ વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે વિપક્ષો કરે તો સમજી શકાય; પણ અહીં તો મિત્રપક્ષ શિવસેનાના પ્રમખ ઉદ્ધવ ઠાકરેના તંત્રીપદે ચાલતા મરાઠી દૈનિકમાં આવી ભાંડણલીલા ચલાવાય છે, ઉદ્ધવના પિતાશ્રી અને શિવસેનાની ૧૯૬૬માં એટલે કે પાંચ દાયકા પૂર્વે સ્થાપના કરનાર બાળાસાહેબ ઠાકરેનો આદર્શ જર્મન તાનાશાહ ઍડોલ્ફ હિટલર હતો અને તેઓ વારંવાર જાહેરમાં ઉચ્ચારણ કરતા હતા કે હું લોકશાહીમાં નહીં, ઠોકશાહીમાં જ માનું છું ! મુંબઈના ગિરણગાંવ એટલે કે કાપડ મિલોના વિસ્તારમાં કૉમ્યૂનિસ્ટો (સામ્યવાદીઓ)નું વર્ચસ્વ તોડીને ગુજરાતી તથા મારવાડી મિલમાલિકો માટે સુખચેન વધારવા માટે ઠાકરે આણિ મંડળીએ ૧૯૬૬માં શિવસેનાની સ્થાપના, કૉંગ્રેસીપ્રધાન બાળાસાહેબ દેસાઈના ઈશારે, કરી હતી. કમ્યૂનિસ્ટ કામદાર નેતા અને ગિરણગાંવના ધારાસભ્ય કૃષ્ણા દેસાઈની હત્યા થતાં શિવસેનાના વામનરાવ મહાડિકના વિધાનસભામાં ધૂમધડાકા સાથે પ્રવેશથી વિજ્યોત્સવ મનાવાયો હતો. મુંબઈમાં આતંક અને ખંડણીનો પર્યાય બનેલી શિવસેના અને એના સુપ્રીમો બાળ ઠાકરે છેક ઈન્દિરા ગાંધીની ઈમર્જન્સી સુધી કૉંગ્રેસના ટેકેદાર રહ્યા. જેલવાસથી ડર અનુભવતા ઠાકરેને મોરારજી દેસાઈએ મુંબઈ રાજ્યના શાસન દરમિયાન સંયુક્ત મહારાષ્ટ્રની ચળવળ વખતે ત્રણ દિવસ જેલભેગા કર્યા, ત્યારે એમની સ્થિતિ કફોડી થઈ હતી અને એ જીવ્યા ત્યાં લગી મોરારજી માટેની ઘૃણા તેમણે જાળવી હતી.

- મોદીએ ઉદ્ધવ ઠાકરેને ભાવ આપવાનું બંધ કર્યું હોવાથી એ છાશવારે રુસણે બેઠેલી વહું જેવું વર્તન કરે છે
- જયલલિતા જયરામ, મમતા બેનરજી અને માયાવતી રુસણે બેસતી ત્યારે એમને મનાવવા માટે એ યુગનાં જયોર્જ ફર્નાન્ડિઝને મારતે વિમાને ચેન્નઈ કે કૉલકાત્તા મોકલવા પડતા હતા
- ઉદ્ધવ લોકશાહીની દુહાઈ દે છે ત્યારે બાળાસાહેબના તાનાશાહ વર્તન, હિટલરપ્રેમ, લોકશાહીને બદલે ઠોકશાહીમાં વિશ્વાસને પ્રતાપે જ પોતે આજે શિવસેના પ્રમુખ હોવાની વાતને પણ ભૂલી જાય છે
- માયાવતીને તો ભાજપના ટેકે ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી બનવાની તક પણ મળી હતી, છતાં એમને જ કેન્દ્રની વાજપેયી સરકારને ગબડાવી હતી

રાજકીય મિત્રો અને શિવતીર્થ (શિવાજી પાર્ક દાદર, મુંબઈ) પરના મેળાવામાં ભૂમિકા બદલતા રહેલા બાળ ઠાકરેએ, ૧૯૮૪થી હિંદુત્વનાં ભારતીય રાજકારણમાં ઉર્ધ્વચઢાણનો યુગ બેઠો ત્યારથી, ભારતીય જનતા પાર્ટી સાથે ઘર માંડવાનું પસંદ કર્યું. એમણે 'નવાકાળ'ના તંત્રી નીળુભાઈ ખાડિલકરપ્રેરિત પ્રૅક્ટિકલ સોશિયલિઝમના શિવતીર્થ પરના મેળાવામાં શરદ પવાર અને જ્યૉર્જ ફર્નાન્ડિઝ સાથેના રાજકીય તાયફા પણ કરી જોયા. જોકે હિંદુત્વની નવજાગૃતિના યુગમાં વહેતી ગંગામાં હાથ ધોઈ લેવામાં પોતે શિવતીર્થ ખાતેની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખાના બાળસ્વયંસેવક હોવાનું પણ ક્યારેક કહેતા રહ્યા. જોકે એમનું વર્તન કાયમ સ્વકેન્દ્રી રહ્યું. હું કહું એ જ થાય એવી અપેક્ષા રહી અને હિટલરનો જ આદર્શવાદ એમણે ૧૯૯૫ના માર્ચથી ૧૯૯૯ લગી શિવસેના-ભાજપની મહારાષ્ટ્ર સરકાર રહી ત્યારે શિવશાહીમાં તબદિલ કરવાની કોશિશ કરી. એ વેળા શિવસેના 'બિગ બ્રધર' હતી, આજે એને સ્થાને મોદીની ભાજપા મહારાષ્ટ્રમાં પણ 'બિગ-બ્રધર' છે. નવેમ્બર ૨૦૧૨માં બાળાસાહેબના નિધન પૂર્વે પોતાના રાજકીય વારસ તરીકે ભત્રીજા રાજ શ્રીકાંત ઠાકરને બદલે પુત્ર ઉદ્ધવ ઠાકરેને પસંદ કર્યો ત્યારે જ રાજ વંકાયો હતો. એણે અલગ ચોકો કરીને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે)ની રચના કરી હતી.

બે પિતરાઈને ભેગા કરીને શિવસેનાને મજબૂત કરવાની કોશિશ હજુ પણ મનોહરપંત જોશી જેવા શિવસેના નેતા કરે છે, પણ હજુ એમને ઝાઝી સફળતા મળી નથી. મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વમાં ભાજપ-શિવસેનાની સરકાર છે, છતાં શિવસેના વાર-તહેવારે મોદી અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર પ્રહારો કરતી રહે છે. એને ઝાઝી ગંભીરતાથી લેવામાં નહીં આવતાં એ વધુ ગિન્નાય છે.

સત્તામાં સાથે હો રાજકીય પક્ષોએ યોગ્ય રીતે મિત્રધર્મ નિભાવવો જોઈએ, આ થઈ આદર્શની વાત. જોકે ભારતીય રાજકારણમાં ગઠબંધનની સરકારો યુગ બેઠા પછી પણ મિત્રો ક્યારેક દુશ્મનોની જેમ વર્તે છે. ૨૪ રાજકીય પક્ષોના ગઠબંધનની સરકાર ભાજપના નેતા અટલ બિહારી વાજપેયી ચલાવી ચૂક્યા છે, છતાં એમના સાથીપક્ષોની ખાસ કરીને મહિલા નેતાઓ જયલલિતા જયરામ, મમતા બેનરજી અને માયાવતી ગમે ત્યારે રુસણે બેસતી ત્યારે એમને મનાવવા માટે એ યુગમાં જ્યૉર્જ ફર્નાન્ડિસને મારતે વિમાને ચેન્નઈ કે કોલકાતા મોકલવા પડતા હતા. માયાવતીને તો ભાજપના ટેકે ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી બનવાની તક પણ મળી હતી, છતાં એમણે જ કેન્દ્રની વાજપેયી સરકારને ગબડાવી હતી. મહારાષ્ટ્રમાં તો શિવસેના અને ભાજપ વચ્ચે અગાઉથી લવ-હેટ રિલેશન્સની પરંપરા ચાલતી રહી છે. જોકે શિવસેના પ્રમુખ બાળ ઠાકરે જીવતા હતા ત્યારે એમને રાજકીય પલટીઓ મારવામાં સારી ફાવટ હતી. ઉદ્ધવ ઠાકરે એમાં ઊણા ઉતરતા હોવાથી વડા પ્રધાન મોદીથી લઈને મુખ્યમંત્રી ફડણવીસ લગીના એમને અવગણે છે ત્યારે વધુ ગિન્નાય છે. જોકે શિવસેના સત્તાના મોહમાંથી ફારેગ થઈ શકે એમ નહીં હોવાથી સત્તારૂઢ ભાજપ નચિંત છે. શિવસેના જો ગઠબંધનમાંથી બહાર જાય તો શરદ પવારની રાષ્ટ્રૅગ્રેસ સત્તા મોરચામાં સામે વાદી કાલ થવા થનગનાટ અનુભવે છે.

વર્તમાન શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે વડા પ્રધાન મોદીએ ઉત્તરાખંડમાં કૉંગ્રેસના અસંતુષ્ટ ધારાસભ્યોને પડખામાં લઈને દહેરાદૂનની

**અનુસંધાન પાના નં. ૭ પર**

# રાતોરાત કોઈ વસ્તુ ક્યારેક બગડી જતી નથી, પછી તે સંબંધ હોય કે પર્યાવરણ...




**સસ્પેન્સ છે!**
**વિકરાળ શહેર આગળ વધતું વધતું,**
**ગામનો કોળિયો કરી જાય છે, ત્યારે**
**ગામને શું થાય છે?**
**સસ્પેન્સ છે!**
**દાદા-દાદીથી વંચિત બાળક**
**ટી.વી. જોતાં જોતાં જ સૂઈ જાય છે.**
**તેને સ્વપ્નમાં શું થાય છે?**
**સસ્પેન્સ છે!**
**'દરિયા'ના અરમાન લઈને સાસરે આવેલી**
**કન્યાનો ખોબો, લાગણીથી માંડ માંડ ભરાય છે,**
**તેની આંખોમાં શું વંચાય છે?**
**સસ્પેન્સ છે!**
**ભણવા જવાની ઉંમરે એક બાળકનું બાળપણ**
**ચાની લારી પર ઉકળી જાય છે**
**પછી તેની યુવાનીનું શું થાય છે?**
**સસ્પેન્સ છે!**
**આખો દિવસ થાકીને સાંજે ઘરે આવેલું**
**ઈચ્છાઓનું શરીર,**
**રાત્રે ઊંઘની ગોળી લઈને શમી જાય છે,**
**પછી એ ઈચ્છાઓનું શું થાય છે?**
**સસ્પેન્સ છે!**

કાળઝાળ ગરમીની આ ઋતુમાં આ પૃથ્વીનું આવનારા સમયમાં શું થશે એ પણ એક સસ્પેન્સ જ છે ને! આપણે કંઈ જ સમજ્યા કે વિચાર્યા વિના આંખો બંધ કરીને એક એવી 'Rat-race' નો હિસ્સો બની ગયા છીએ કે જેમાં આપણું સ્વાસ્થ્ય, આપણા અંગત સંબંધો, આપણી આસપાસની પ્રાકૃતિક અને નૈસર્ગિક સજીવસૃષ્ટિ આ તમામને થઈ રહેલા ભારેખમ નુકશાનને જોઈ શકતા જ નથી. રોજબરોજના આપણા વર્તન વ્યવહારમાં ધીરે-ધીરે વધતી જતી આપણી બેદરકારી કોઈ મોટું નુકશાન ન કરે ત્યાં સુધી આપણે આવનારા નુકશાનથી અજાણ બની રહીએ છીએ. રાતોરાત કોઈ વસ્તુ કયારેક બગડી જતી નથી. પછી તે સંબંધ હોય કે પર્યાવરણ. રાતોરાત ગ્રામ્ય સંસ્કૃતિ લુપ્ત થઈ નથી, રાતોરાત દાદા-દાદી કે નાના-નાની સાથેનો પૌત્ર-પૌત્રીઓનો સંબંધ વણસ્યો નથી, રાતોરાત અરમાન ભરેલી કોઈ નવોઢા અગ્નિસ્નાન માટે પ્રેરાતી નથી હોતી અને રાતોરાત ચારેબાજુ ઘોર અંધકાર અને નિરાશાના વાદળો ઘેરી વળતા નથી. રાતોરાત ગરમી ૪૫ ડિગ્રી અને તેમાંથી વધીને ૪૮ ડિગ્રી થઈ નથી એના માટે આડેધડ વૃક્ષોનું છેદન અને પર્યાવરણને વર્ષોથી થઈ રહેલું નુકશાન જવાબદાર છે!

મૃત્યુ એ આપણા જીવનનું સનાતન સત્ય છે પણ એક હકીકત એ પણ છે કે મૃત્યુ પછી શું થવાનું છે એ એક સસ્પેન્સ છે. એકવાર એક પત્રકાર પોતાના એકધાર્યા મૃત્યુનોંધ લખવાના કાર્યથી કંટાળ્યો. તેણે કોરો કાગળ લઈને મથાળે સહેજે પોતાનું નામ લખ્યું. પછી એને થયું, લાવને, મારી પોતાની જ મૃત્યુનોંધ લખી જોઉં! પોતાના વિશેનો અંતિમ લેખ લખવાનો પ્રસંગ જો આવે, તો માણસને તેમાં કઈ કઈ બાબતો રજૂ થયેલી જોવી ગમે...? અને તેના આશ્ચર્ય વચ્ચે લખતાં લખતાં ત્રણ પાનાં ભરાઈ ગયાં! જે જે વસ્તુઓ કરવાની ઝંખના એના દિલમાં હંમેશા રહ્યા કરેલી, તે બધી જાણે કે સિદ્ધ થઈ ચૂકી હોય તે રીતે એણે પોતાના વિશે નોંધ લખી. તેમાં કેટલીક તેની અંગત બાબતો હતી, તો કેટલીક તેની આસપાસના સમાજને લગતી પણ હતી, 'મરહૂમે,' એણે લખ્યું : '૩૨ વરસની ઉંમરે અરબી ભાષા શીખવા માંડેલી, અને બે વરસમાં તો એનો આસાનીથી ઉપયોગ કરતા એ થઈ ગયેલા. સ્કાઉટની એક ટુકડી ઊભી કરવામાં તેમણે સહાય કરેલી અને નગરના જાહેર જીવનમાં પણ ભાગ લીધેલો...' એ રીતે પોતાના અંતરમાં સૂતેલી પડેલી આકાંક્ષાઓને તે પત્રકાર કાગળ પર આકાર આપતો ગયો. અને બીજે જ દિવસે જઈને એણે અરબી ભાષાના એક વર્ગના નામ નોંધાવ્યું. સ્કાઉટ પ્રવૃત્તિના મથકની મુલાકાત પણ તેણે લીધી.. એમ એક પછી એક કદમ એ માંડતો ગયો. એ મૃત્યુનોંધ એની નજર સમક્ષ એક મંઝિલ બની ગઈ - અને તેને સાચી પાડવા એ કામે લાગી ગયો. આ વિચાર આપણે સૌએ પણ કરવા જેવો છે. મૃત્યુ બાદનું સસ્પેન્સ ભલે અકબંધ રહેતું મૃત્યુ પહેલાં કરવા જેવી કેટકેટલી બાબતો છે એ વિષે એકાદ પાનું લખી તો જુઓ!

આપણે આજે એક ગળાકાપ પ્રતિસ્પર્ધાના યુગમાં જીવી રહ્યા છીએ અને દરેકને પોતાની પાસે છે એનાથી કેટલાય ગણું વધુ પામવાની ઝંખના છે. આ ઝંખના કયારે ઘેલછામાં પરાવર્તિત બનીને આપણી પર હાવી થઈ બેસે અને કયારે આપણે અચાનક જ મૃત્યુની સાવ લગોલગ આવીને ઊભા રહી જઈએ છીએ તેનો ખ્યાલ પણ આપણને રહેતો નથી! અને ત્યારે આપણે નિરાશ થઈ જઈએ છીએ કે આજીવન કેટલી વ્યર્થ બાબતોમાં સમય પસાર થઈ ગયો અને જે કરવાનું હતું એ જ રહી ગયું. ગ્રામ્ય સંસ્કૃતિ અને ગામડાની ભાતીગળ ભીનાશ આપણા હૈયામાં હંમેશ લીલીછમ્મ રહેતી હોય છે પણ આજે તો આ ગામડું જ જાણે લુપ્ત થઈ રહ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે;

**''ઝાડ તણાં ઝૂંડોમાં છૂપ્યું છે ગામડું !**
**સૂરજ સંગાથે રોજ ઊગ્યું છે ગામડું !...**
**પરસેવે રેબઝેબ, તેલ્યું છે ગામડું!**
**સપનોની છલકાતી થેલ્યું છે ગામડું !...**
**ગાલ્લીના ઘૂઘરામાં રણકે છે ગામડું !**
**ગીત જેવું છાતીમાં કણસે છે ગામડું !...''**

**- શંકરભાઈ બુ. પટેલ**

શહેર બનવાની આંધળી દોટમાં લુપ્ત થઈ રહેલા ગામડાને બચાવીએ. આપણે કેટકેટલા પૈસા ખર્ચીને દેશી ભાતીગળ ગ્રમ્ય દેખાતી રેસ્ટોરન્ટ્સમાં જમવા જઈએ છીએ તે જ આપણો આપણી ભાતીગળ સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. આપણને મળેલા આ અમૂલ્ય જીવનની પળેપળને મનભરીને માણીએ અને જીવી લઈએ!

- nehalgadhavi101@gmail.com